# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 03-03-2025** **EVENING : 7.50 to 8.00**
**Day : MONDAY** **National News**

આકાશવાણી સમાચાર **રૂપલ જાની** વાંચે છે.

**************************************************

1) પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીની વન્યજીવન વ્યવસ્થાપનને ટેકો આપવા પરંપરાગત જ્ઞાન અને કૃત્રિમ બુદ્ધિમતાનો વધુ ઉપયોગ કરવા હાકલ
2) રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુએ આજે રાષ્ટ્રપતિ ભવન ખાતે ૪મા મુલાકાતી એવોર્ડ્સ જાહેર કર્યા.
3) સરકારે ભારતીય રેલ્વે નાણાં કોર્પોરેશન અને ભારતીય રેલ્વે ખાનપાન અને પ્રવાસન કોર્પોરેશન-IRCTCને નવરત્નનો દરજ્જો આપ્યો
4) સંરક્ષણમંત્રી રાજનાથ સિંહે કહ્યું - ભારત આગામી બે વર્ષમાં વિશ્વની ત્રીજી સૌથી મોટી અર્થવ્યવસ્થા બનશે
5) મહિલાઓમાં નાણાકીય જાગૃતિમાં ગયા વર્ષ કરતાં 42 ટકાનો વધારો થયો
6) ICC ચેમ્પિયન્સ ક્રિકેટ ટ્રોફીની પહેલી સેમિફાઇનલમાં આવતીકાલે દુબઈમાં ભારત અને ઓસ્ટ્રેલિયા વચ્ચે મેચ રમાશે

**************************************************

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

# PM--GUJRAT-MEETING

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ વન્યજીવન વ્યવસ્થાપનને ટેકો આપવા માટે પરંપરાગત જ્ઞાન અને કૃત્રિમ બુદ્ધિમતાનો વધુ ઉપયોગ કરવા હાકલ કરી. તેમણે BISAG-N અને ફોરેસ્ટ સર્વે ઓફ ઈન્ડિયા સાથે સહયોગ કરીને જંગલમાં આગ અને વન્યજીવન સંઘર્ષ વ્યવસ્થાપન માટે એઆઇ  કૃત્રિમ બુદ્ધિમતા, મશીન તાલીમ અને ભૂ-અવકાશી મેપિંગના ઉપયોગ પર પણ ભાર મૂક્યો.

આજે વિશ્વ વન્યજીવન સંરક્ષણ દિવસ નિમિત્તે ગુજરાતના જૂનાગઢ જિલ્લાના સાસણ  ગીર ખાતે રાષ્ટ્રીય વન્યજીવન બોર્ડની 7મી બેઠકની અધ્યક્ષતા કરતા, તેમણે આ વિસ્તારોમાં સ્થાનિક વસ્તી અને ગ્રામજનોની સંડોવણી દ્વારા ડોલ્ફિન સંરક્ષણ અંગે જાગૃતિના મહત્વ પર ભાર મૂક્યો. શ્રી મોદીએ જૂનાગઢ ખાતે નેશનલ રેફરલ સેન્ટર ફોર વાઇલ્ડ લાઇફનો શિલાન્યાસ પણ કર્યો હતો, જે વન્યજીવન સ્વાસ્થ્ય અને રોગ વ્યવસ્થાપન સંબંધિત વિવિધ પાસાઓના સંકલન અને શાસન માટે કેન્દ્ર તરીકે કાર્ય કરશે.

પ્રધાનમંત્રીએ આ વર્ષે હાથ ધરવામાં આવનાર સિંહ અંદાજના 16મા તબક્કાના પ્રારંભની જાહેરાત, તેમજ બરડા વન્યજીવન અભયારણ્યમાં સિંહોના સંરક્ષણ માટે સહાયની જાહેરાત કરી. પ્રધાનમંત્રીએ વન્યજીવન સંરક્ષણમાં ઇકો-ટુરિઝમની ભૂમિકા માટે વધુ સારી મુસાફરી અને સંપર્કની જરૂરિયાત પર ભાર મૂક્યો. શ્રી મોદીએ કોઈમ્બતુરમાં વાઇલ્ડ લાઇફ ઇન્સ્ટિટ્યૂટ ઓફ ઇન્ડિયા કેમ્પસમાં માનવ અને વન્યજીવ વચ્ચેના

સંઘર્ષને વધુ અસરકારક રીતે રોકવા માટે સેન્ટર ઓફ એક્સેલન્સ સ્થાપવાની જાહેરાત કરી. તેમણે અભયારણ્યની બહારના અન્ય વિસ્તારોમાં વાઘ અને ઘડિયાલ સંરક્ષણ પ્રોજેક્ટ્સ શરૂ કરવાની યોજનાઓ પણ શરૂ કરી.

શ્રી મોદીએ ગ્રેટ ઇન્ડિયન બસ્ટર્ડ માટે રાષ્ટ્રીય કાર્યયોજનાનું પણ અનાવરણ કર્યું અને સ્લોથ રીંછ જેવી પ્રજાતિઓના વધુ સારા સંરક્ષણ માટે કાર્ય યોજનાનો પ્રસ્તાવ મૂક્યો.

. . . . . . . . . . . . . . . .

## PREZ.---AWARD-EARLY

રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુએ આજે નવી દિલ્હીમાં રાષ્ટ્રપતિ ભવન ખાતે 8મા મુલાકાતી એવોર્ડ્સ જાહેર કર્યા. આ પ્રસંગે બોલતા, તેમણે દેશમાં સંશોધનને વધુ પ્રોત્સાહન આપવાની જરૂરિયાત પર ભાર મૂક્યો.

**(Byte - PRESIDENT-MURMU-RESEARCH)**

. . . . . . . . . . . . . . . .

## NAVRATNA-STATUS

સરકારે ભારતીય રેલ્વે નાણાં કોર્પોરેશન અને ભારતીય રેલ્વે ખાનપાન અને પ્રવાસન કોર્પોરેશન-IRCTCને નવરત્નનો દરજ્જો આપ્યો

છે. રેલ્વે ફાઇનાન્સ કોર્પોરેશન એ રેલ્વે મંત્રાલયનું એક કેન્દ્રીય જાહેર ક્ષેત્રનું સાહસ છે. તેનું વાર્ષિક ટર્નઓવર 26 હજાર કરોડ રૂપિયાથી વધુ છે. આઈઆરસીટીસી તે રેલ્વે મંત્રાલયનું એક કેન્દ્રીય જાહેર ક્ષેત્રનું સાહસ પણ છે અને તેનું વાર્ષિક ટર્નઓવર 4,000 કરોડ રૂપિયાથી વધુ છે.

રેલ્વે મંત્રી અશ્વિની વૈષ્ણવે બંને કંપનીઓને નવરત્ન દરજ્જો મળવા બદલ અભિનંદન પાઠવ્યા.

. . . . . . . . . . . . . . . .

## RAJNATH-CSR

સંરક્ષણમંત્રી રાજનાથ સિંહે કહ્યું છે કે ભારત આગામી બે વર્ષમાં વિશ્વનીત્રીજી સૌથી મોટી અર્થવ્યવસ્થા બનશે. તેમણે કહ્યું કે ભારત દેશ હવે વિશ્વની પાંચમી સૌથી મોટી અર્થવ્યવસ્થા બની ગયો  છે. સંરક્ષણ મંત્રીએ આજે નવી દિલ્હીમાં સશસ્ત્ર દળ ધ્વજ દિવસ કોર્પોરેટ સામાજિક જવાબદારી - CSR કોન્ક્લેવને સંબોધન કરતી વખતે આ વાત કહી.

**(Byte - RAJNATH-SINGH)**

સંરક્ષણ મંત્રીએ કહ્યું કે ભારતમાં માથાદીઠ આવક સતત વધી રહી છે. તે રાષ્ટ્રના એકંદર આર્થિક વિકાસનું સૂચક છે. તેમણે ભારતીય સૈનિકોના અતૂટ સમર્પણની પ્રશંસા કરી. સંરક્ષણ મંત્રીએ દેશની સરહદોનું રક્ષણ કરવામાં ભારતીય સૈનિકોની પ્રથમ સંરક્ષણ હરોળ તરીકેની ભૂમિકાનો સ્વીકાર કર્યો.

. . . . . . . . . . . . . . . .

# MID BREAK- NEWS- NATIONAL

આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ સમાચાર આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/ગુજરાતી અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલોં કરશો.

(ગોન્ગ મ્યુઝિક)

. . . . . . . . . . . . . . .

## WOMEN-FINANCIAL-AWARENESS-NITI-AAYOG

મહિલાઓમાં નાણાકીય જાગૃતિમાં ગયા વર્ષ કરતાં 42 ટકાનો વધારો થયો છે. નીતિ આયોગ દ્વારા આજે નવી દિલ્હીમાં રજૂ કરાયેલા "ફ્રોમ બોરોઅર્સ ટુ બિલ્ડર્સ: વિમેન્સ રોલ ઇન ઇન્ડિયાઝ ફાઇનાન્શિયલ ગ્રોથસ્ટોરી" નામના અહેવાલમાં આ વાત જણાવવામાં આવી છે.

અહેવાલ મુજબ, ગયા વર્ષે ડિસેમ્બર સુધી લગભગ 27 મિલિયન મહિલાઓ તેમના ધિરાણનું નિરીક્ષણ કરી રહી હતી. અહેવાલ રજૂ કરતા, નીતિ આયોગના સીઈઓ, બી.વી.આર. સુબ્રમણ્યમે મહિલા ઉદ્યોગ સાહસિકોને સશક્ત બનાવવામાં નાણાકીય સુવિધાની મહત્વપૂર્ણ ભૂમિકા પર પ્રકાશ પાડ્યો.

અહેવાલ દર્શાવે છે કે કુલ સ્વ-નિરીક્ષણ આધારમાં મહિલાઓનો હિસ્સો ગયા વર્ષે ડિસેમ્બરમાં વધીને 19.43 ટકા થયો છે, જે 2023માં 17.89 ટકા હતો. તેમાં ઉલ્લેખ કરવામાં આવ્યો છે કે મેટ્રો વિસ્તારોની સરખામણીમાં નોન-મેટ્રો પ્રદેશોની વધુ મહિલાઓ સક્રિય રીતે તેમના ધિરાણનું સ્વ-નિરીક્ષણ કરી રહી છે.

. . . . . . . . . . . . . . . .

## NCW--CYBER-LAW-WORKSHOP

કાયદા અને ન્યાયમંત્રી અર્જુન રામ મેઘવાલે કહ્યું છે કે સરકારે દેશમાં મહિલાઓનું ગૌરવ અને સલામતી જાળવવા માટે ભારતીય કાયદાઓમાં સુધારો કર્યો છે. તેમણે ઉમેર્યું હતું કે આર્ટિફિશિયલ ઇન્ટેલિજન્સ (AI) સુવિધાઓને કારણે, મહિલાઓ સામે અનેક ગુનાઓ વધ્યા છે. પરંતુ સરકાર તેને રોકવા માટે અનેક મોટા પગલાં લઈ રહી છે.

શ્રી મેઘવાલે આજેનવી દિલ્હીના વિજ્ઞાન ભવનમાં મહિલાઓને લગતા સાયબર કાયદા અને સાયબર જાગૃતિ કાર્યક્રમ પર કાર્યશાળાને સંબોધતા આ વાત કહી હતી. મંત્રીએ મહિલાઓને સાયબર પ્રવૃત્તિમાં સતર્ક રહેવા અને કોઈ ઘટના બને તો તાત્કાલિક ફરિયાદ નોંધાવવા વિનંતી કરી હતી. રાષ્ટ્રીય મહિલા આયોગ (NCW) દ્વારા આયોજિત આ કાર્યશાળાનો ઉદ્દેશ્ય મહિલાઓ માટે સાયબર કાયદાઓને મજબૂત બનાવવા માટે બસોથી વધુ મુખ્ય સુધારાઓની ચર્ચા કરવાનો છે.

. . . . . . . . . . . . . . . .

## JAISHANKAR-UK

વિદેશ મંત્રી ડૉ.એસ. જયશંકર આવતીકાલથી બ્રિટન અને આયર્લેન્ડની સત્તાવાર મુલાકાતે જશે. વિદેશ મંત્રાલયના જણાવ્યા અનુસાર, ભારત અને બ્રિટન વચ્ચે વ્યાપક વ્યૂહાત્મક ભાગીદારી છે. બંને દેશો વચ્ચે સંરક્ષણ, સુરક્ષા, વેપાર, અર્થતંત્ર, આરોગ્ય, શિક્ષણ અને પરસ્પર સંબંધો સહિત વિવિધ ક્ષેત્રોમાં મજબૂત દ્વિપક્ષીય સંબંધો પણ છે. આ મુલાકાત દરમિયાન, ડૉ. જયશંકર બ્રિટનના વિદેશ સચિવ ડેવિડ લેમી સાથે ચર્ચા કરશે અને અનેક મહાનુભાવોને મળશે. આયર્લેન્ડની તેમની બે દિવસીય મુલાકાત દરમિયાન, ડૉ. જયશંકર આયર્લેન્ડના વિદેશમંત્રી સિમોન હેરિસ અને અન્ય મહાનુભાવોને મળશે. ત્યાં તેઓ ભારતીય સમુદાયના લોકોને પણ મળશે. ભારત અને આયર્લેન્ડ વચ્ચે મૈત્રીપૂર્ણ દ્વિપક્ષીય સંબંધો છે જે સહિયારા લોકશાહી મૂલ્યો, સાંસ્કૃતિક સંબંધો અને વધતી જતી આર્થિક ભાગીદારી પર આધારિત છે.

. . . . . . . . . . . . . . . .

## INDIA---BELGIUM

ભારત અને બેલ્જિયમે હિંદ- પ્રશાંત ક્ષેત્રમાં, વિષેશ દરિયાઈ ક્ષેત્રમાં સંરક્ષણ સહયોગની સંભાવનાઓ પર ચર્ચા કરી. સંરક્ષણમંત્રી

રાજનાથ સિંહે આજે નવી દિલ્હીમાં બેલ્જિયમની રાજકુમારી એસ્ટ્રિડ અને સંરક્ષણમંત્રી થિયો ફ્રેન્કેન સાથે મુલાકાત કરી. આ બેઠકમાં બંને દેશો વચ્ચે સંરક્ષણ ઔદ્યોગિક સહયોગ વધારવાના માર્ગો અને માધ્યમો પર ચર્ચા કરવામાં આવી હતી.

શ્રી રાજનાથસિંહે સંરક્ષણ ક્ષેત્રમાં બેલ્જિયમના રોકાણનું સ્વાગત કર્યું. તેમણે કહ્યું કે બેલ્જિયમની કંપનીઓ ભારતમાં વિસ્તાર કરીને મહત્વપૂર્ણ ભૂમિકા ભજવી શકે છે. બંને દેશો સંસ્થાકીય સંરક્ષણ સહયોગ માટે પણ સંમત થયા.

. . . . . . . . . . . . . . . .

## SEMIFINAL-INDIA-AUSTRALIA

આઈસીસી ચેમ્પિયન્સ ક્રિકેટ ટ્રોફીની પહેલી સેમિફાઇનલમાં આવતીકાલે દુબઈમાં ભારત અને ઓસ્ટ્રેલિયા વચ્ચે મેચ રમાશે. આ મેચ ભારતીય સમય મુજબ બપોરે 2.30 વાગ્યે શરૂ થશે. આ પહેલા, ભારતે ગઈકાલે રાત્રે દુબઈમાં પોતાની છેલ્લી લીગ મેચમાં ન્યુઝીલેન્ડને 44 રનથી હરાવ્યું હતું. આ જીત સાથે, ભારતે ગ્રુપ-એમાં ત્રણેય ગ્રુપ-સ્ટેજ મેચ જીતીને ટોચનું સ્થાન મેળવ્યું. બુધવારે લાહોરમાં ટુર્નામેન્ટની બીજી સેમિફાઇનલમાં ન્યુઝીલેન્ડનો મુકાબલો ગ્રુપ બીના વિજેતા દક્ષિણ આફ્રિકા સામે થશે.

ફાઇનલ મેચ રવિવારે રમાશે.

. . . . . . . . . . . . . . . .

## NATIONAL-ROWING-CHAMPIONSHIP

ભોપાલ સ્થિત મધ્યપ્રદેશ વોટર સ્પોર્ટ્સ એકેડેમી ખાતે આજથી 42મી રાષ્ટ્રીય રોઇંગ ચેમ્પિયનશિપ સ્પર્ધા શરૂ થઈ છે. આ સ્પર્ધામાં 23 રાજ્યોમાંથી લગભગ પાંચસો સ્પર્ધકો ભાગ લેશે. રાજ્યના રમતગમત અને યુવા કલ્યાણ મંત્રી વિશ્વાસ કૈલાશ સારંગે જણાવ્યું હતું કે કુલ 14 સ્પર્ધા હશે. અંતિમ સ્પર્ધા 7 માર્ચે યોજાશે.

. . . . . . . . . . . . . . . .

## EC-BYE-ELECTION

ચૂંટણી પંચે મહારાષ્ટ્ર વિધાન પરિષદની પાંચ બેઠકો માટે પેટા ચૂંટણીની જાહેરાત કરી છે. રાજ્ય વિધાનસભામાં અમાશ્યા પાડવી, પ્રવીણ દટકે, રાજેશ વિટકર, રમેશ કરાડ અને ગોપીચંદ પડલકર સહિત અન્ય સભ્યોની ચૂંટણીને કારણે આ પાંચ બેઠકો ખાલી પડી છે. આ સૂચના 10માર્ચે બહાર પાડવામાં આવશે. 17 માર્ચ સુધી ઉમેદવારી પત્ર દાખલ કરી શકાશે. ૧૧ માર્ચે તપાસ કરવામાં આવશે. 20 માર્ચ સુધી નામ પાછા ખેંચી શકાશે, 27 માર્ચે મતદાન થશે અને તે જ દિવસે મતગણતરી પણ થશે.

. . . . . . . . . . . . . . . .